### માત્ર ૯૦ દિવસમાં સૌથી વધુ વેચાતા

# નંબર ૧ પુસ્તક તરીકે એમેઝોન અને ક્રોસવર્ડમાં સ્થાન પ્રાપ્ત કર્યા બાદ ગુજરાતી આવૃત્તિ પ્રસિદ્ધ

અમદાવાદ, તા.૩૦

ગુજકરાતીઓની ઉદ્યોગ સાહસિકતા અને માર્કેટની નાડ પારખુ શકિત સમગ્ર વિશ્વમા જાણીતી છે. ભારતીય ઔદ્યોગિક જગતના ઇતિહાસમાં એક નહી પણ અનેક વખત ગુજરાતીને ખતમ કરવામા અનેક કારસાઓ ઘડાયા ના દાખલા છે. ગુજરાતી સાથે અન્યાયનો આ સિલસિલો ચાલુ છે.બહુ જ નાની વયે પોતાના બૌદ્દિક કૌશલ્યથી ભાતમાં એક વિશ્વકક્ષાની માર્કેટ ખડી કરીને ભારતને મુઠ્ઠી ઉંચેરૂ સ્થાન અપાવનાર જિજ્ઞેશ શાહના વિજયરથને રાજકીય કાવાદાવા અને નિમ્નકક્ષાના ષડયંત્ર દ્વારા તોડી પડાયુ તેની ઝીણવટભરી વિગતોનું આલેખન વરિષ્ઠ પત્રકાર શાંતનૂ ગુહારેએ ધ ટાર્ગેટ નામના પુસ્તક માં કર્યુ હતુ.

શાંતનૂ ગુહારેના પુસ્તક ધ ટાર્ગેટની અગ્રેજી આવૃતિ ને મળેલા અભૂતપૂર્વ પ્રતિસાદના કારણે ધ ટાર્ગેટની ગુજરાતી આવૃત્તિ પ્રકટ કરાઈ છે.આ પુસ્તકની અંગ્રેજી આવૃત્તિ બજારમાં મૂકવામાં આવ્યાના૯૦ દિવસમાં જક એમેજન પર બિઝીનેસ અને ઇકોનોમી કેટેગરીમાં વિશ્વમાં સૌથી વધુ વેચાતા નંબર ૧ પુસ્તક તરીકેનુ સ્થાન પ્રાપ્ત કર્યુ હતુ.એટલુજ નહી અગ્રણીબુક સ્ટોરક્રોસવર્ડમાં પણ સૌથી વધુ વેચાતા પુસ્તક તરીકેનું સ્થાન મેળવ્યુ છે.જે ખરેખર મહત્વપૂર્ણ ઘટના છે.

ધ ટાર્ગેટ નામના પુસ્તક તેના નામ અનુસાર દર્શાવે છે કે જિજ્ઞેશ શાહ ને લક્ષ્ય બનાવવામાં આવ્યા હતા,પત્ર કાર શાન્તનૂ ગુહા રે એ લિખિત આ પુસ્તક વાચ્યા બાદ એનએસઇએલ પ્રકરણના સંખ્યાબંધ અનુત્તર સવાલોના જવાબ મળી રહે છે.ટલાક સ્થાપિત હિતોએ પોતાના છૂપા ઇરાદાસર જિજ્ઞેશ શાહને એકસ્ચેન્જ બિઝિનેસમાંથી કેવી રીતે બહાર ધકેલી દીધા તેનુ પુસ્તકમાં સવિસ્તાર વર્ણન કરવામાં આવ્યુ છે.